**CRMA 106/2017**

**આંક –૧ નીચે હુકમ**

સદર કેસ અન્વ્યે સી.આઈ.એસ સીસ્ટમ અને તે અંગેનુ રજીસ્ટર ધ્યાને લીધા બાદ તથા રોજમેળ/ઓળીયા ફાઈલ તપાસ્યા બાદ અને સી.આઈ. એસ મા કેસ હીસ્ટ્રી જોતા સદર કેસ તા.૦૪.૦૮.૧૭ મા ચોથા એડી.સીવલ જજ મા હતો અને ત્યારબાદ ૨૯.૦૬.૧૯ ના રોજ સેકન્ડ એડી.સીની.સીવીલ જજ અને ત્યારબાદ ૧૭.૦૬.૨૨ નાન રોજ એડી.સીવીલ જજ અને ત્યારબાદ ૦૧.૦૩.૨૩ ના એડી.સીવીલ જજ મા કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી મા બતાવેલ પરંતુ સદર કેસ ફીઝીકલ આપવામા આવેલ નથી અને સી.આઈ.એસ વેરીફાઈ કરતા ૧૮.૧૧.૧૭ વેકન્ટ કોર્ટમાંથી ચોથી એડી.સીવીલ જજ કોર્ટ મા મોકલેલ હોવાનુ કોમ્પ્યુટર હીસ્ટ્રીમા બતાવે છે. આમ ઉપરોકત હકીકત ધ્યાને લીધા બાદ સદર કેસના અરજદારના વકીલ શ્રી ની તા.૧૧ .૦૯.૨૫ ના રોજ વિડ્રો પુરસીસ આપેલ જેમા તેઓએ હકીકત જણાવેલ કે અરજદાર નો ઘણા સમયથી સંપર્ક થઈ શકતો ન હોય ફરી ફાઈલ કરવાની શરતે અરજી પાછી ખેંચવા માંગતા હોય જેથી તે અન્વ્યેની ચોકસાઈ કરવા સદર અરજી સાંભળવા સારુ રાખેલ અને ત્યારબાદ તે અન્વ્યેની ફીઝીકલ અને કોમ્પ્યુટરમા વેરીફીકેશન કરતા ઉપરોકત ચર્ચાને આવરી લેતા અરજદારના વકીલ શ્રી અને તા.૧૦.૦૨.૨૬ ના રોજ ફરી વિડ્રો પુરસીસ આપી હકીકત જણાવેલ કે સદર અરજી જે તે સમયે નામ.કોર્ટ ધ્વારા ફેસલ કરવામા આવેલ છે પરંતુ કોઈ કારણસર સી.આઈ.એસ મા ડીસ્પોજ બતાવાની રહી ગયેલ છે જેથી સદર અરજી ંચાલવા પાત્ર રહેતી ન હોય ડીસ્પોજ કરવા અરજ કરેલ. આમ સદર કેસની ફીઝીકલ રેકર્ડ અન્વ્યે જોતા મુળ ઈન્સ્ટીટયુશન વેકન્ટ કોર્ટમા થયેલ અને ત્યાંથી ચોથી એડી.સીવીલ કોર્ટમા ટ્રાન્સફર કરેલ તે કોમ્પ્યુટર ઉપર ટ્રાન્સફર કરેલ ફીઝીકલ રેકર્ડ ટ્રાન્સફર થયેલ નથી આ અન્વ્યે ઉપરોકત ચર્ચાને ધ્યાને લીધા બાદ અને સદર રેકર્ડનુ વેરીફીકેશન તથા રજીસ્ટર તપાસી ચાલુ તથા ફેસલ કેસો તપાસી અને અરજદારના વકીલ શ્રી ની રજુઆત ધ્યાને લીધા બાદ અનુમાન થવાને પાત્ર રહે છે કે સદર કેસ અન્વ્યેની કોઈ ફીઝીકલ માહીતી મળતી ન હોય અને સી.આઈ.એસ મા ડબલ એન્ટ્રી અથવા ડમી એન્ટ્રી અથવા જે તે સમયે કેસ ફેસલ કરવાનુ રહી ગયેલ હોય તેવી પુરી શકયતા જણાઈ આવે છે અને વધુમા આ અદાલતના સ્ટાફ ધ્વારા કોઈ ફીઝીકલ રેકર્ડ તપાસેલ ન હોય અને જયારે અરજદારના વકીલ ંશ્રી સદર હકીકત થી વાકેફ હોય અને તેઓ પણ અરજ કરેલ હોય કે કોર્ટ ધ્વારા ફેસલ કરવામા આવેલ છે પણ કોઈ કારણસર સી.આઈ.એસ મા ડીસ્પોજ બતાવામા આવેલ નથી જેથી સદર કેસ ફેસલ થઈ ગયેલ હોય અને કોમ્પ્યુટરમાંથી ડીસ્પોજ કરવામા આવે તો અરજદારના વકીલ શ્રી ને કોઈ વાંધો ન હોય જેથી વકીલ શ્રી ની તા.૧૦.૦૨.૨૬ ની પુરસીસ ના આધારે સદર કેસ હાલ પુરતો કોમ્પ્યુટરમાંથી ડીસ્પોઝ કરવામા આવે છે અને જો રેકર્ડ મળી આવે તો સદર હુકમ તેમા સામેલ કરી સી.આઈ.એસમા આગળની કાર્યવાહી કરવી.

તા.૦૨.૦૪.૨૦૨૬

એડી.સીની.સીવીલ જજ ધોળકા